# કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ૫૦મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા. ૨૮

યુવા શક્તિ એક પ્રચંડ શક્તિ છે અને હરહંમેશ તેમનામાં નવસર્જન કરવાની તમન્ના હોય છે. યુવા શક્તિ અણુશક્તિ છે અને તેમને આદર્શોને વ્યવહારમાં ઉતારવાનો ઉત્સાહ હોય છે. યુવા સ્થાને ઘડનારા પરિબળોમા માબાપ તથા શિક્ષણ સંસ્થા ઓનો ફાળો મહત્વ હોય છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવા વિધાર્થીઓ આત્મવિશ્વાસ, આત્મસંતોષ, આત્મસંયમ સાથે જીવી શકે, સારી આદતો કેળવાય સાથે જીવનમાં સમસ્યાઓનો બહાદુરી પૂર્વક સામનો કરવા સક્ષમ બને તે હેતુથી ૨૦૦૯ માં સર્વ નેતૃત્વ નામનો અનોખો કાર્યક્રમ શરૂ કરાયો જેમાં ચારિત્ર્ય નિર્માણ થી રાષ્ટ્રનિર્માણના પાઠ ભણાવવા માં આવે છે. તાઃ ૨૨ થી ૨૫ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન, હાર્ટફૂલનેસ સંસ્થા ખાતે સર્વ નેતૃત્વનો ૫૦ મો કાર્યક્રમ યોજાયો જેમાં ૧૮ કોલેજોના ૭૦ પૂર્વતાલીમાર્થી ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે હરેશભાઈ પટેલ, જે.સી. પટેલ, દીપકભાઈ તેરેયા, ઉમાબેન તેરેયા, પંકજ મલ, જસ્વિદરસિંગ બાંસુરી ઉપસ્થિત રહી ડિઝાઈન થીંકિંગ, હાર્ટફુલ લીડર, જીવનમાં સંસ્કાર અને ધ્યાનનું મહત્વ, ન્યુ ઈન્ડિયા માટે આજના યુવાનોનું યોગદાન જેવા વિવિધ વિષયોની વિવિધ પ્રવૃત્તિઓ માધ્યમથી જીણવટ પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહી ૫૦ કાર્યક્રમ પૂર્ણ કરવા બદલ સમગ્ર ટીમને અભિનંદન આપી, આ વિચારને રાજ્ય અને રાષ્ટ્રીય લઈ જઈ અન્ય યુવાનોને લાભ મળે તેવો ઉમદા વિચાર વ્યકત કર્યો હતો જેને ઉપસ્થિત સૌ એ વધાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો.ધર્મેન્દ્ર પટેલ, ડો.વિજય પંડિત, ઉત્તમ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વતાલીમાર્થી સૂરજ, પ્રણવ, ઊર્મિલા અને હર્ષ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

### જન્મદિને વધામણી



**દિલીપસિંહ અજીતસિંહ બિહોલા**
એડવોકેટ
મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨



**દિલીપ પ્રજાપતિ**
પત્રકાર, ઈ ટીવી
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭



**કોકિલાબેન ડી શાહ**
સભ્ય, ગોપી મંડળ
મો. ૯૪૦૯૫ ૪૮૭૮૭



**અરવિંદ જયંતિલાલ શ્રીમાળી**
મો. ૯૮૨૪૧ ૬૬૪૮૨

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### સ્વર્ણિમ ઇન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી દ્વારા

# એક દિવસીય 'ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) રાજ્ય કક્ષા'ની ઈવેન્ટનું ૩૦ નવેમ્બર આયોજન

ગાંધીનગર, તા. ૨૮

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તકની સ્વર્ણિમ ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી દ્વારા રોજિંદા અભ્યાસક્રમ માં આવતા વિષયો સંલગ્ન વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો આજની આધુનિક ટેક્નોલોજી ના ઉપયોગ ને જોડી ને પ્રેક્ટિકલ જ્ઞાન માં વધારો થાય તેમ જ ઈન્ડસ્ટ્રી લેટેસ્ટ ટ્રેન્ડ સાથે સંલગ્ન કરી શકાય તે હેતુ થી સતત વિશેષ કાર્યક્રમો, વર્કશોપ્સ અને ઈન્ડસ્ટ્રી વિઝિટ નું આયોજન આ યુનિવર્સિટી દ્વારા થતું રહે છે. તેના ભાગ રૂપે તા. ૩૦ નવેમ્બર ૨૦૧૯ ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાજ્ય કક્ષા ની ઈવેન્ટ 'ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.)' નું આયોજન કરેલ છે.

જેમાં ગુજરાત રાજ્ય ના અલગ અલગ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ તથા ફેકલટી મેમ્બર્સ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહેલ છે. દરેક નવી ટેક્નોલોજી નું એક બીજા સાથે નું જોડાણ ઈન્ટરનેટ વગર શક્ય નથી એમ તેના ઉપયોગ ને વિસ્તારવા અને તેમાં અપડેશન ની સાથે તેને ઉત્કૃષ્ઠ બનાવવા માટે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) ટેક્નોલોજી નો ઉપયોગ થાય છે. આ ઈવેન્ટ માં આઈ.ઓ.ટી. થી એડવાન્સ ટેક્નોલોજી તેમ જ રિસર્ચ માટે ના નવા સ્કોપ ની સમજણ તથા પ્રોત્સાહન ઈન્ડસ્ટ્રી એકસપર્ટ દ્વારા આપવામાં આવશે.

આ ઈવેન્ટ ના મુખ્ય અતિથિ તરીકે ડો.નરોત્તમ સાહુ, એડવાઈઝર એન્ડ મેમ્બર સેક્રેટરી ગુજકોસ્ટ ઉપસ્થિત રહેશે.

આ પ્રોગ્રામ માં ગુજરાત તથા નેશનલ લેવલે નેટવર્ક વિષય માં જેમનું મુખ્ય યોગદાન છે તેવા ડો.મધુકાન્તભાઈ પટેલ (ફાઉન્ડર ઓફ રેવ ઓટોમેશન તથા પૂર્વ સાયન્ટિસ્ટ ઓફ ઈસરો), પ્રોફેસર જીગ્નેશ પટોલીયા (ચારૂસેટ યુનિવર્સિટી) અને શ્રીમાન દીપભાઈ શાહ (સિનિયર પ્રોજેક્ટ મેનેજર, વૉલાન્સીસ ટેક્નોલોજી) મુખ્ય વક્તા તરીકે હાજર રહેશે અને તેઓ પોતાનો બહોળો ઈન્ડસ્ટ્રીઅલ અનુભવ રજુ કરશે.

આ પ્રોગ્રામ માં મુખ્ય કોર્ડીનેટર તરીકે ઈલેક્ટ્રોનિક્સ ૠ કૉમ્યૂનિકેશન એન્જિનિરીંગ શાખા ના વડા પ્રોફેસર મોનાલી દવે દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કરેલ છે. આ પ્રોગ્રામ ની સફળતા માટે સંસ્થા ના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રીમાન રિષભ જૈન, શ્રીમાન આદિ રિષભ જૈન, શ્રીમાન રિશી જૈન, રજિસ્ટ્રાર ડો. ઉપેન્દ્ર પટેલ તથા એકેડમિક ડિરેક્ટર ડો. ધર્મેશ શાહ દ્વારા શુભકામનાતથા યોગ્ય માર્ગદર્શન મળેલ છે.

# શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ રાજય કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ભાગ લીધો




ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની કુલ ૮ વિદ્યાર્થીનીઓએ જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામામાં પ્રથમ નંબર મેળવી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજિત રાજય કક્ષાની 'સાયન્સ ડ્રામા' સ્પર્ધામાં તા. ૨૩મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ ભરાડ વિશ્વ વિદ્યાલય રાજકોટ ખાતે ભાગ લીધો હતો. શાળાના શિક્ષિકા શ્રી પ્રવિણા બેન પટેલે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય નીરુબેન પટેલે વિદ્યાર્થીનીઓ બહેનોને શુભેચ્છા આપી પ્રોત્સાહિત કરી હતી.

### ગુજરાત સ્ટેટ ગર્લ્સ ટેકવોન ડો ચેમ્પિયનશીપમાં શહેરની ટીમનો ઉત્કૃષ્ટ દેખાવ




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ટેકવોન ડો એસોસીએશનના ખેલાડીઓએ શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ ગર્લ્સ ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં ભાગ લઈ કુલ ૧૬ મેડલ્સ (૪-ગોલ્ડ, ૫-સિલ્વર, ૬-બ્રોન્ઝ) પ્રાપ્ત કરી ગાંધીનગરનું નામ રોશન કરેલ છે.

ટેક્વોન ડો ટીમને સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશભાઈ સંભવાણી તથા ચીફ કોચ જતીન દવેએ શુભેચ્છા પાઠવી હતી.

# નેશનલ બ્લાઈન્ડ ક્રિકેટ સ્પર્ધાને લઈને રોમાંચ

અમદાવાદ, તા.૨૮


દિવ્યાંગ લોકોની પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાની વિશિષ્ટ પહેલ સાથે નારાયણ સેવા સંસ્થા (એનએસએસ)એ ભારતમાં ક્રિકેટ અંધજનો માટે ક્રિકેટ એસોસિએશન અને અંધજનો રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન સાથે જોડાણ કરીને તા.૩૦ નવેમ્બરથી તા.૩ ડિસેમ્બર, ૨૦૧૯ સુધી રાજસ્થાનનાં ઉદેપુર ખાતે નેશનલ બ્લાઈન્ડ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ અગાઉ રાજસ્થાન, ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ, કેરળ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની છ ટીમો સામેલ થઈ છે. નોંધપાત્ર બાબત એ છે કે, આ ટુર્નામેન્ટ ટી૨૦ ફોર્મેટમાં રમાશે, જેમાં ઉદેપુરનાં લોકો આ ઉત્સાહી રમતવીરો વચ્ચે એક પ્રકારનો રોમાંચક મુકાબલો જોશે. આ ટુર્નામેન્ટની શરૂઆત એમબી મેદાન પર પ્રથમ મેચ સાથે થશે અને પછી નારાયણ દિવ્યાંગ સ્પોર્ટ્સ એકેડેમી, ઉદેપુરમાં તા.૩૦ નવેમ્બરથી તા.૩ ડિસેમ્બર, ૨૦૧૯ વચ્ચે સવારે ૯ વાગ્યાથી શરૂ થશે. દ્રષ્ટિની ખામી ધરાવતા દિવ્યાંગ લોકો માટે ભારતની નેશનલ હેલ્થ પોર્ટલ મુજબ, આશરે ભારતમાં આશરે ૨૫૩ મિલિયન લોકો દ્રષ્ટિસંબંધિત ખામી ધરાવે છે, ૩૬ મિલિયન સંપૂર્ણપણે અંધ છે અને ૨૧૭ મિલિયન દ્રષ્ટિની મધ્યમથી તીવ્ર સમસ્યા ધરાવે છે. નારાયણ સેવા સંસ્થાનનાં પ્રમુખ પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે સમાજનાં દિવ્યાંગ લોકોને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા વિવિધ મંચો પ્રદાન કરીને સમાજનાં મુખ્ય પ્રવાહમાં લાવવા કટિબદ્ધ છીએ. આની પાછળનો ઉદ્દેશ એમની અંદર આત્મવિશ્વાસ વધારવાનો અને પોતાની જાત પર શંકાની લાગણીનું નિવારણ કરવાનો છે. અમે માનીએ છીએ કે, જ્યારે તેમને તક મળશે, ત્યારે જ આવું થઈ શકશે. આ માટે અમે ફેશન શો, વિવિધ ટેલેન્ટ શૉ, સ્પોર્ટીંગ ઈવેન્ટ વગેરેનું આયોજન કર્યું છે. હું ઈચ્છું છું કે, ભવિષ્યમાં તેમની અંદર આત્મવિશ્વાસ જાગશે અને તેઓ નામના મેળવશે. ઉલ્લેખનીય છે કે, નારાયણ સેવા સંસ્થાન દિવ્યાંગ લોકો માટે ૧૧૦૦ બેડની હોસ્પિટલ ધરાવે છે, જેમાં સંસ્થા દિવ્યાંગ લોકોને શારીરિક રીતે ફિટ કરવા નિઃશુલ્ક સર્જરી કરી આપે છે અને સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, રોજગારલક્ષી કાર્યક્રમો હેઠળ ચોક્કસ પ્રવાહમાં તેમને કુશળતા આપે છે.

# 'સચરાચરમાં' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન











ગાંધીનગર, તા. ૨૮

૨૭ નવેમ્બર ૨૦૧૯, બુધવારના રોજ, સાંજે ૫-૩૦ કલાકે, ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી, ઓમ કૉમ્યુનિકેશન દ્વારા હાસ્યનિબંધકાર, નાટ્યકાર બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીના ૯૨-મા જન્મદિનપ્રસંગે હાસ્યલેખક રતિલાલ બોરીસાગરના અધ્યક્ષસ્થાને 'સચરાચરમાં' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે બકુલ ત્રિપાઠીની સાહિત્યસૃષ્ટિ વિશે શ્રી હસિત મહેતાએ વકતવ્ય આપ્યું. અને અધ્યક્ષીય વકતવ્ય હાસ્યલેખકશ્રી રતિલાલ બોરીસાગરએ પ્રસ્તુત કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું. આ પ્રસંગે બકુલ ત્રિપાઠીના પરિવારજનો, સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.